SANDESH SURAT MONDAY, 28•11•2016

# છૂટા પૈસા માટે દુકાનમાં ચોરી કરનારા ઝડપાયા

સુરત, તા. ૨૭

અમરોલીમાં આવેલી ટોબેકો સ્ટોરમાંથી પરચૂરણ ચોરી કરનારા બે યુવકોને પોલીસે ઝડપી પાડ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર અમરોલી ચાર રસ્તા પાસે નવકાર ટોબેકો નામની દુકાન છે. આ એજન્સીમાં ગત ૧૯મી તારીખે ચોરી થઇ હતી. શટર તોડીને દુકાનમાં ઘૂસેલા તસ્કરો એક, પાંચ અને 10 રૂપિયાના સિક્કા મળી ૧૧ હજારથી વધુનું પરચૂરણ તેમજ ચાંદીના ૪૩૩ સિક્કાઓ મળી પિસ્તાલીસ હજાર જેટલી કિંમતની મતા ચોરી ગયા હતાં. આ ચોરીમાં સામેલ મલખાનસિંગ રામસિંગ જાટ (રહે. છાપરાભાઠા) તથા રીન્કુકુમાર રાજકુમાર શાહુ (રહે. માધવબાગ, તુલસી હોટેલ પાસે)ને કતારગામ દરવાજા વિસ્તારમાંથી ઝડપી પાડ્યા હતાં. વધુમાં પ્રાપ્ત વિગતો અનુસાર આ બંને કન્સ્ટ્રક્શનમાં મજૂરીનું કામ કરે છે. તેઓ ઘણી વખત નવકાર ટોબેકોના ઓટલા ઉપર જ સૂઈ જતાં હતાં. દારૂ પીવાની આદત ધરાવતાં આ બે જણાને નોટબંધી બાદ છૂટાની સમસ્યા નડતાં તેઓએ દુકાનમાં હાથફેરો કર્યો હતો. જો કે આ બંને યુવકો દારૂના નશામાં ચોરી કરી બેઠા એવી વાત પોલીસને જણાવી રહ્યા છે. બંનેને વધું તપાસ માટે અમરોલી પોલીસના હવાલે કરાયા હોવાનું જાણવા મળે છે.